દાખલ તારીખ : ૧૦–૦૨–૨૦૨૬
રજી. તારીખ : ૧૦–૦૨–૨૦૨૬
ફેસલ તારીખ : ૦૧–૦૫–૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ

સત્યમેવ જયતે

**ધોરાજીના મહે. એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ, મું. ધોરાજી.**

**ફોજ.કે. નં.૩૦૨/૨૦૨૬**
**આંક–**

ફરીયાદી – શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી – ઇમ્તીયાઝભાઇ રફીકભાઇ બુખારી

રહે. પનામા પાનવાળી ગલી, ચકલા ચોક,ધોરાજી.

**ગુન્હો– એમ.વી.એક્ટની કલમ–૧૮૫, ૩–૧૮૧ પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) અને મુજબ.**

---

ફરીયાદપક્ષે – વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌધરી
આરોપીપક્ષે – વિ.વ.શ્રી એચ.પી.માલવી

---

**// ઠ રા વ //**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંક વિગત એવી છે કે, ગઈ તા.૨૯.૧૨.૨૦૨૫ ના રોજ કલાક–૧૭.૩૦ વાગ્યા થી ૧૮.૦૦ વાગ્યા દરમિયાન મોજે મેઇન બજાર ચકલા ચોક, વોકળા કાઠે, ધોરાજી ખાતે આરોપીએ જાહેર રોડ પર ગેરકાયદેસર રીત પાસપરમીટ કે આધાર વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં પોતાના હવાલાવાળી પીયાગો કંપનીની ઓટો પસેન્જર રીક્ષા જેના રજી.નં.જીજે.૩.બી.યુ.૨૨૦૧, કિ.રૂા.૨,૦૦,૦૦૦/–ને ડ્રાઈવીંગ લાયસન્સ વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં સર્પાકાર રીતે ચલાવી નીકળી મળી આવી ગુન્હો કર્યાનો આક્ષેપ છે. જે સંબંધે શ્રી પો.હે. કોન્સ. નારણભાઇ

કરશનભાઇ પંપાણીયા નાએ ફરીયાદ કરતાં જે ફરીયાદ ધોરાજી તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૩૦૧૦૨૫૦૬૩૩/૨૦૨૫ થી તા.૨૯.૧૨.૨૦૨૫ ના રોજ નોંધેલ છે.

ઉપરોકત ફરીયાદ હકીકત રજીસ્ટરે લઈ, ફરીયાદને તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલ. તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ તથા જરૂરી કાર્યવાહીના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ જે ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લઈ ઈન્સાફી કાર્યવાહી કરવામાં આવેલ છે.

**૨.** ત્યારબાદ ધોરણસર સમન્સની બજવણી આરોપીને કરવામાં આવેલ જેથી આરોપી હાજર થતાં ગુના વિશે સમજ કરી, આંક-૦૪ થી આરોપીની પ્લી નોંધતા ગુન્હો કર્યાનો ઈનકાર કરવામાં આવેલ છે. જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**3.** ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબ મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવોઃ-</u>**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી નારણભાઇ કરશનભાઇ પંપાણીયાની જુબાની | ૫ |
| ૨ | પચંસાહેદ મોઇનભાઇ મુનાફભાઇ રાજવાણીની જુબાની | ૭ |
| ૩ | પંચસાહેદ સીરાજભાઇ હારૂનભાઇ ચૌહાણ ની જુબાની | ૯ |
| ૪ | સાહેદ જશપાલસિંહ રાજેન્દ્રસિંહ ઝાલાની જુબાની | ૧૦ |
| ૫ | ત.ક.અ. પંકજભાઇ હરજીભાઇ તલસાણીયાની જુબાની | ૧૧ |

**<u>દસ્તાવેજી પુરાવોઃ-</u>**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૬ |
| ૨ | પંચનામું | ૮ |
| ૩ | ફોર્મ-એ | ૧૨ |

| | | |
|---|---|---|
| ૪ | ફોર્મ–બી | ૧૩ |

**૪.** ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા અંગે આરોપીનો ભારતીય નાગરીક સુરક્ષા સહીતા ૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ વધુ જવાબ નોંધવામાં આવેલ છે. જેમાં, આરોપીએ ગુનો કર્યાનો ઈનકાર કરેલ છે. વધુમાં આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપવી નથી કે બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવેલ છે તેમજ વિશેષમાં ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીપક્ષના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

**૫.** ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવો વિગેરે ધ્યાને લઈ આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ગઈ ગઈ ગઈ તા.૨૯.૧૨.૨૦૨૫ ના રોજ કલાક–૧૭.૩૦ વાગ્યા થી ૧૮.૦૦ વાગ્યા દરમિયાન મોજે મેઈન બજાર ચકલા ચોક, વોકળા કાઠે, ધોરાજી ખાતે આરોપીએ જાહેર રોડ પર ગેરકાયદેસર રીત પાસપરમીટ કે આધાર વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં પોતાના હવાલાવાળી પીયાગો કંપનીની ઓટો પસેન્જર રીક્ષા જેના રજી.નં.જીજે.૩.બી.યુ.૨૨૦૧, કિ.રૂા.૨,૦૦,૦૦૦/–ને ડ્રાઈવીંગ લાયસન્સ વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં સર્પાકાર રીતે ચલાવી નીકળી મળી આવી એમ.વી.એક્ટની કલમ–૧૮૫, ૩–૧૮૧ તથા ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**૬.** મારા જવાબ નીચે મુજબ છેઃ–

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

## **-:કા ર ણો:-**

**મુદ્દા નં.૧ ની ચર્ચાઃ-**

**૭.** આ કામે આરોપી વિરૂધ્ધ જે ગુન્હા સબબનો આક્ષેપ કરવામાં આવેલ છે તે ગુન્હા સબબની જોગવાઈઓ અને તેના આવશ્યક તત્વોને તથા ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે તેવા પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાનમાં રાખી ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવાનું નીચે મુજબ મુલ્યાંકન કરવામાં આવેલ છે.

૮. ફરિયાદપક્ષે આ કામે આંક-૫ થી ફરિયાદી નારણભાઇ કરશનભાઇ પંપાણીયાને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૯.૧૨.૨૦૨૫ ના રોજ તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફ પો.સ્ટે.તાબાના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ફરતા ફરતા ધોરાજી ચકલા બજાર પાસે પહોંચતા દરબારગઢ તરફથી એક પીયાગો કંપનની ઓટોરીક્ષાો ચાલક તેના હવાલાવાળી ઓટો રીક્ષા સર્પાકાર રીતે ચલાવી નીકળતા તેને રોકી ચેક કરતા સદર ઇસમ કેફી પ્રવાહી પીધેલ હાલતમાં હોય જેથી તુરત જ બે રાહદારી માણસોને પંચ તરીકે બોલાવી પંચો રૂબરૂ તેનુ નામ પુછતા તેણે પોતાનુ નામ ઇમ્તીયાઝભાઇ રફીકભાઇ બુખારી, રહે. ચકલા ચોક, પનામા પાન વાળી ગલી, વાળો હોવાનુ થોથરાતી જીભે જણાવેલ. મજકુર ઇસમના મોઢામાંથી કેફી પ્રવાહી પીધેલની ખાટી અને તીવ્ર વાસ આવતી હોય તેની આંખો નશા તળે લાલઘુમ હોવાનુ જણાઇ આવતા તેને હલાવી ચલાવી જોતા પોતાના શરીરનુ સમતોલનપણુ જાળવી શકતો ન હોય તેની પાસે આવુ કેફી પ્રવાહી પી વાહન ચલાવવા બાબતે કોઇ પાસ પરમીટ કે આદાર માંગતા નહી હોવાનુ જમઆવેલ તથા ડ્રાઇવીંગ લાયસન્સ

માંગતા નહી હોવાનુ જણાવેલ. મજકુર ઇસમના હવાલાવાળી પીયાગો કંપનીની ઓટો પેસેન્જર રીક્ષા જેના રજી. નં.જીજે.૩.બી.યુ.૨૨૦ વાળી કબજે કરવામાં આવેલ અને મજકુર ઇસમને ધોરણસર અટક કરવામાં આવેલ બાદ મજકુર ઇસમને પો.સ્ટે. લાવી તેના વિરૂદ્ધ તેઓએ ફરિયાદ જાહેર કરેલ.પી.એસ.ઓ.એ સદર ગુન્હો રજીસ્ટરે લઇ સદરહું ગુન્હાની આગળની તપાસ પો.હે.કો.પંકજભાઇ તલસાણીયા નાઓને સોંપવામાં આવેલ. આરોપીને તેઓ ઓળખે છે.

ઉપરોક્ત ફરીયાદપક્ષના ફરિયાદીની આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી. પંચો અગાઉ પણ ઘણી વખત પંચ તરીકે રહી ચુકેલા છે. કહેવાતી ફરિયાદ થતા પંચનામું બંને પી.એચ.તલસાણીયા રૂબરૂના છે અને આ કામની તપાસ પણ તેઓએ જ કરેલી છે. બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા છે અને ત્યાં સતત માણસોની અવર જવર ચાલુ હોય છે. ત.ક.અ એ પોલીસ કર્મચારી સિવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. કોઇ વ્યક્તિએ કેફી પદાર્થનું સેવન કરેલ છે કે કેમ તે તેઓ તબીબી અભિપ્રાય સિવાય કહી શકે નહી. તેમના પોલીસ સ્ટેશનમાં બ્રીથ એનેલાઇઝર મશીન આપવામાં આવેલ છે. કહેવાતા આરોપીએ કેફી પદાર્થનું સેવન કરેલ હોય તે બાબતે સ્થળ ઉપર કોઇ બ્રીથ એનેલાઇઝર ટેસ્ટ કરવામાં આવેલ નથી.

૯. સદર કામે આંક-૮ થી રજુ પંચનામાની હકીકતો પુરવાર કરવા અનુક્રમે પંચસાહેદ મોઇનભાઇ મુનાફભાઇ રાજવાણી ને આંક-૭ થી તથા પંચસાહેદ સીરાજભાઇ હારૂનભાઇ ચૌહાણને આંક-૯ થી તપાસેલા છે. સદર પંચસાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, સદર પંચસાહેદો તેમની જુબાની દરમિયાન આંક-૮ થી રજુ પંચનામા રજુ રાખે છે પરંતુ, પંચનામામાં સહી કર્યા સિવાયની કોઇ વિગતોને

પંચસાહેદો સમર્થન આપતા ના હોઈ વિ. એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા પંચસાહેદો તરીકે જાહેર કરી બાદમાં અદાલતની પરવાનગીથી ઉલટતપાસમાં સુચક સવાલો પુછતાં તેમાં પણ સદર પંચસાહેદો પંચનામાની કોઈ વિગતોને સમર્થન આપતાં નથી. આમ, સદર પંચસાહેદોના જુબાની આધારે પંચનામાની વિગતો પુરવાર થતી ન હોઈ તથા ફરીયાદપક્ષના કેસને કોઈ સમર્થન મળેલ નથી.

**૧૦.** ફરિયાદપક્ષે આ કામે આંક–૧૦ થી સાહેદ જશપાલસિંહ રાજેન્દ્રસિંહ ઝાલાને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૯.૧૨.૨૦૨૫ ના રોજ તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફ પો.સ્ટે.તાબાના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ફરતા ફરતા ધોરાજી ચકલા બજાર પાસે પહોંચતા દરબારગઢ તરફથી એક પીયાગો કંપનની ઓટોરીક્ષાો ચાલક તેના હવાલાવાળી ઓટો રીક્ષા સર્પાકાર રીતે ચલાવી નીકળતા તેને રોકી ચેક કરતા સદર ઇસમ કેફી પ્રવાહી પીધેલ હાલતમાં હોય જેથી તુરત જ બે રાહદારી માણસોને પંચ તરીકે બોલાવી પંચો રૂબરૂ તેનુ નામ પુછતા તેણે પોતાનુ નામ ઇમ્તીયાઝભાઇ રફીકભાઇ બુખારી, રહે. ચકલા ચોક, પનામા પાન વાળી ગલી, વાળો હોવાનુ  થોથરાતી જીભે જણાવેલ. મજકુર ઇસમના મોઢામાંથી કેફી પ્રવાહી પીધેલની ખાટી અને તીવ્ર વાસ આવતી હોય તેની આંખો નશા તળે લાલઘુમ હોવાનુ જણાઇ આવતા તેને હલાવી ચલાવી જોતા પોતાના શરીરનુ સમતોલનપણુ જાળવી શકતો ન હોય તેની પાસે આવુ કેફી પ્રવાહી પી વાહન ચલાવવા બાબતે કોઇ પાસ પરમીટ કે આદાર માંગતા નહી હોવાનુ જમઆવેલ તથા ડ્રાઇવીંગ લાયસન્સ માંગતા નહી હોવાનુ જણાવેલ. મજકુર ઇસમના હવાલાવાળી પીયાગો કંપનીની ઓટો પેસેન્જર રીક્ષા જેના રજી. નં.જીજે.૩.બી.યુ.૨૨૦ વાળી કબજે કરવામાં આવેલ અને

મજકુર ઈસમને ધોરણસર અટક કરવામાં આવેલ બાદ મજકુર ઈસમને પો.સ્ટે. લાવી તેના વિરૂદ્ધ પો.હે.કો.નારણભાઇ પંપાણીયા નાઓએ ફરિયાદ જાહેર કરેલ.પી.એસ.ઓ.એ સદર ગુન્હો રજીસ્ટરે લઈ સદરહું ગુન્હાની આગળની તપાસ પો.હે.કો.પંકજભાઇ તલસાણીયા નાઓને સોંપવામાં આવેલ. આરોપીને તેઓ ઓળખે છે.

ઉપરોક્ત ફરીયાદપક્ષના સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી. પંચો અગાઉ પણ ઘણી વખત પંચ તરીકે રહી ચુકેલા છે. કહેવાતી ફરિયાદ થતા પંચનામું બંને પી.એચ.તલસાણીયા રૂબરૂના છે અને આ કામની તપાસ પણ તેઓએ જ કરેલી છે. બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા છે અને ત્યાં સતત માણસોની અવર જવર ચાલુ હોય છે. ત.ક.અ એ પોલીસ કર્મચારી સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. કોઈ વ્યક્તિએ કેફી પદાર્થનું સેવન કરેલ છે કે કેમ તે તેઓ તબીબી અભિપ્રાય સિવાય કહી શકે નહી. તેમના પોલીસ સ્ટેશનમાં બ્રીથ એનેલાઈઝર મશીન આપવામાં આવેલ છે. કહેવાતા આરોપીએ કેફી પદાર્થનું સેવન કરેલ હોય તે બાબતે સ્થળ ઉપર કોઈ બ્રીથ એનેલાઈઝર ટેસ્ટ કરવામાં આવેલ નથી.

**૧૧.** ફરિયાદપક્ષે આ કામે આંક-૧૧ થી સાહેદ ત.ક.અ. પકંજભાઈ હરજીભાઈ તલસાણીયા ને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૯.૧૨.૨૦૨૫ ના રોજ તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફ પો.સ્ટે.તાબાના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ફરતા ફરતા ધોરાજી ચકલા બજાર પાસે પહોંચતા દરબારગઢ તરફથી એક પીયાગો કંપનની ઓટોરીક્ષાો ચાલક તેના હવાલાવાળી ઓટો રીક્ષા સર્પાકાર રીતે ચલાવી નીકળતા તેને રોકી ચેક કરતા સદર ઈસમ કેફી પ્રવાહી

પીધેલ હાલતમાં હોય જેથી તુરત જ બે રાહદારી માણસોને પંચ તરીકે બોલાવી પંચો રૂબરૂ તેનુ નામ પુછતા તેણે પોતાનુ નામ ઇમ્તીયાઝભાઇ રફીકભાઇ બુખારી, રહે. ચકલા ચોક, પનામા પાન વાળી ગલી, વાળો હોવાનુ  થોથરાતી જીભે જણાવેલ. મજકુર ઇસમના મોઢામાંથી કેફી પ્રવાહી પીધેલની ખાટી અને તીવ્ર વાસ આવતી હોય તેની આંખો નશા તળે લાલઘુમ હોવાનુ જણાઇ આવતા તેને હલાવી ચલાવી જોતા પોતાના શરીરનુ સમતોલનપણુ જાળવી શકતો ન હોય તેની પાસે આવુ કેફી પ્રવાહી પી વાહન ચલાવવા બાબતે કોઇ પાસ પરમીટ કે આદાર માંગતા નહી હોવાનુ જમઆવેલ તથા ડ્રાઇવીંગ લાયસન્સ માંગતા નહી હોવાનુ જણાવેલ. મજકુર ઇસમના હવાલાવાળી પીયાગો કંપનીની ઓટો પેસેન્જર રીક્ષા જેના રજી. નં.જીજે.૩.બી.યુ.૨૨૦ વાળી કબજે કરવામાં આવેલ અને મજકુર ઇસમને ધોરણસર અટક કરવામાં આવેલ બાદ મજકુર ઇસમને પો.સ્ટે. લાવી તેના વિરૂદ્ધ પો.હે.કો.નારણભાઇ પંપાણીયા નાઓએ  ફરિયાદ જાહેર કરેલ.પી.એસ.ઓ.એ સદર ગુન્હો રજીસ્ટરે લઇ સદરહું ગુન્હાની આગળની તપાસ તેઓને સોંપવામાં આવતા તેઓએ આરોપનુ બ્લડ સેમ્પલ લેવડાવવાની તજવીજ કરેલી. મેડીકલ ઓફીસ ર દ્વારા એફ.એસ.એલ. ને મોકલવામાં આવેલ બ્લડ સેમ્પલનો રીપોર્ટ ફોર્મ-સી આજદિન સુધી પરત મળેલ નથી. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તથા આરોપી સામે પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને તેઓ ઓળખે છે.

ઉપરોક્ત ફરીયાદપક્ષના સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી. પંચો અગાઉ પણ ઘણી વખત પંચ તરીકે રહી ચુકેલા છે. કહેવાતી ફરિયાદ થતા પંચનામું બંને તેઓ રૂબરૂના છે અને આ કામની તપાસ પણ તેઓએ જ કરેલી છે.

બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા છે અને ત્યાં સતત માણસોની અવર જવર ચાલુ હોય છે. તેઓ એ પોલીસ કર્મચારી સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. કોઈ વ્યક્તિએ કેફી પદાર્થનું સેવન કરેલ છે કે કેમ તે તેઓ તબીબી અભિપ્રાય સિવાય કહી શકે નહી. તેમના પોલીસ સ્ટેશનમાં બ્રીથ એનેલાઈઝર મશીન આપવામાં આવેલ છે. કહેવાતા આરોપીએ કેફી પદાર્થનું સેવન કરેલ હોય તે બાબતે સ્થળ ઉપર કોઈ બ્રીથ એનેલાઈઝર ટેસ્ટ કરવામાં આવેલ નથી.

**૧૨.** સદર કામે રેકર્ડ ઉપરના પુરાવા ધ્યાને લેતા, સદર કામે મુંબઈ પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ ૧૯૪૯ નાં રૂલ-૪(૨) ધ્યાને લેવુ જરૂરી જણાય છે નીચે મુજબ છે.

"The sample blood collected in the phial in the manner stated in sub-rule shall be forwarded for test to the testing officer either by post or with a special messenger. So as to reach him within seven days from the date of its collection. It shall be accompanied by a forwarding letter in form 'B' which shall bear a fascimile of the seal or monigram used for sealing the phial or the sample blood."

ઉપરોકત નિયમમાં કરવામાં આવેલી જોગવાઈઓ જોવામાં આવે તો લીધેલ લોહીનો નમુનો ચકાસવા માટે લોહી લીધા તારીખથી સાત દિવસની અંદર ટેસ્ટીંગ ઓફિસરને મળી જાય તે રીતે પોસ્ટ મારફત અથવા ખાસ સંદેશાવાહક સાથે મોકલાવવું જોઈએ અને તેની સાથે ફોર્મ-બી માં એક પત્ર સામેલ કરવો કે જેમા નમુનાનું લીધેલ લોહીની શીશીને સીલ કરવા માટે વાપરેલ સીલ અથવા મોનોગ્રામની પ્રતિકૃતિ હોવી જોઈએ.

**૧૩.** સદર કામે રેકર્ડ ઉપરના પુરાવા ધ્યાને લેતાં, સદર કામે મુંબઈ પ્રોહિબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ ૧૯૪૯ નાં રૂલ-૪(૨) ધ્યાને લેવું જરૂરી જણાય છે નીચે મુજબ છે.

"The sample blood collected in the phial in the manner stated in sub-rule shall be forwarded for test to the testing officer either by post or with a special messenger. So as to reach him within seven days from the date of its collection. It shall be accompanied by a forwarding letter in form 'B' which shall bear a fascimile of the seal or monigram used for sealing the phial or the sample blood."

ઉપરોકત નિયમમાં કરવામાં આવેલી જોગવાઈઓ જોવામાં આવે તો લીધેલ લોહીનો નમુનો ચકાસવા માટે લોહી લીધા તારીખથી સાત દિવસની અંદર ટેસ્ટીંગ ઓફિસરને મળી જાય તે રીતે પોસ્ટ મારફત અથવા ખાસ સંદેશાવાહક સાથે મોકલાવવું જોઈએ અને તેની સાથે ફોર્મ-બી માં એક પત્ર સામેલ કરવો કે જેમા નમુનાનું લીધેલ લોહીની શીશીને સીલ કરવા માટે વાપરેલ સીલ અથવા મોનોગ્રામની પ્રતિકૃતિ હોવી જોઈએ.

**૧૪.** સદર કામની હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષ દ્વારા ઉપરોકત સાહેદોના પુરાવા રજુ કરવામાં આવેલ છે, તે સમગ્ર પુરાવાઓની સ્વતંત્ર અને સંયુકત રીતે તુલના કરીએ તો, સદર કામની ચાર્જશીટ જોઈએ તો પંચસાહેદો સિવાય અન્ય કોઈપણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. બનાવવાળી જગ્યાએથી સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં કોઈપણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો મેળવેલા નથી. વધુમાં, સદર કામે રજૂ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો ફરિયાદ

હકીકત મુજબનો ગુનો તા.૨૯.૧૨.૨૦૨૫ ના રોજ કલાક ૧૭–૩૦ વાગ્યા થી ૧૮–૦૦ વાગ્યા દરમિયાન બનેલ છે. સદર કામે આંક–૧૩ થી રજુ ફોર્મ–બી ના આધારે લોહીની તપાસણી અર્થે ઈસમના શરીરમાંથી લોહી લઈ શીલ કરી તે નમુનો પરીક્ષણ માટે મોકલી ત્યાંથી એફ.એસ.એલ.માં પોસ્ટ દ્વારા મોકલી આપેલાનું જણાય છે, પરંતુ સદર કામે ફરિયાદપક્ષે આરોપીએ કેફી પ્રવાહી પીધેલ હોવા સંબંધે ન્યાય વિજ્ઞાન પ્રયોગશાળાનું પ્રમાણપત્ર મેળવી રજૂ કરેલ નથી. આમ, રેકર્ડ પરનો તમામ પુરાવો લક્ષમાં લેતા બોમ્બે પ્રોહી. એકટના મેન્ડેટરી રૂલનું પાલન કરવામાં ફરિયાદપક્ષ સદંતર નિષ્ફળ રહેલાનું જણાઈ આવે છે અને જે મેન્ડેટરી છે તે નિયમોનું જ પાલન કરેલ ન હોય ત્યારે આરોપીને સજા કરી શકાય નહીં અને મેન્ડેટરી રૂલ્સનું પાલન કરેલ છે તેવું ફરિયાદપક્ષ જો સાબિત કરતો ન હોય ત્યારે સાબિતનો બોજો આરોપી પોતે નિર્દોષ છે તેવું સાબિત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. હાલના કિસ્સામાં જે બોમ્બે પ્રોહી.એકટના મેન્ડેટરી પ્રોવીઝન છે તેનું પાલન કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે અને જેને અનુસરવાનું ફરજીયાત છે, પરંતુ ફરિયાદપક્ષ તેને અનુસરેલ નથી અને મેન્ડેટરી પ્રોવિઝનનું ઉલ્લંઘન કરેલ છે.

**૧૫.** વધુમાં,હાથના પરના કેસમા પણ સમગ્ર રેકર્ડ તથા પુરાવો જોતાં પક્ષકારો તરફે રજૂ કરવામાં આવેલ તમામ પુરાવો જોતા સદર કામના આરોપી પાસેથી પ્રોહીબીશન મુદ્દામાલ અટક કરેલ હોય તેવી હકીકત સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે જેથી આરોપીને બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવો ન્યાયોચિત જણાઈ આવે છે. આમ, ફરીયાદપક્ષ આરોપી સામેનો પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતો હોઈ મુદ્દા નં.૧ નો જવાબ "નકારમાં" આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## // આખરી હુકમ //

**૧.** આરોપી ઇમ્તીયાઝભાઇ રફીકભાઇ બુખારી,રહે. પનામા પાનવાળી ગલી, ચકલા ચોક, ધોરાજી નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે એમ.વી.એક્ટની કલમ–૧૮૫, ૧૮૧–૩ તથા ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) તથા મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૨.** અપીલ સમય બાદ, સદર કામે મુદ્દામાલ વાહન અંગે જો અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયો હોય તો તે કાયમ કરવામાં આવે છે/જો કોઈ વચગાળાનો હુકમ સદર મુદ્દામાલ અંગે થયેલ ન હોય તો તેના ખરા માલીકને ખરાઈ કરી તેને નિયમ મુજબ કાયમી રીતે પરત કરવા હુકમ કરવામાં આવે છે.

**3.** આરોપીના અગાઉ આપેલ જામીન જો ચાલુ રાખવા માંગતા હોય તો તે મુજબની કાર્યવાહી કરવી અથવા જો તે જામીન ચાલુ રાખવા ન માંગતા હોય તો નવા જામીન રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજ તા. ૦૧ માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

સ્થળઃ-ધોરાજી.
તા.૦૧/૦૫/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
ધોરાજી.
(જજ કોડ-જીજે૦૧૨૫૮)